GJGS090000742026

દાખલ તારીખ : ૦૫/૦૩/૨૦૨૬
નોંધ્યા તારીખ : ૦૫/૦૩/૨૦૨૬
ફેસલ તારીખ : ૧૩/૦૩/૨૦૨૬
સમયગાળો : વર્ષ ૦૦ માસ ૦૦ દિવસ ૦૮

**મહે. કોડીનારના બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મુ. કોડીનાર, જી. ગીર સોમનાથ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૮/૨૦૨૬**

**અરજદાર :-** જયેશભાઈ ઉર્ફે મેઘાણી મહેન્દ્રભાઈ બારડ,
ઉ.વ.આ.૩૨, ધંધો-ખેતી,
રહે.સુત્રાપાડા, હે.હવેલી શેરી,
તા.સુત્રાપાડા, જી.ગીર સોમનાથ.

**વિરુધ્ધ**

**સામાવાળા :-** સ્ટેટ ઓફ ગુજરાત,
સમન્સ થ્રુ એ.પી.પી.શ્રી,
કોડીનાર.

**ગુન્હો :-** **પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ), ૯૮(૨) મુજબ.**

કોડીનાર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૨૨૬૦૩૧૦/૨૦૨૬

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે
અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન પર મુકત કરવા અંગેની અરજી.

---

**અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એચ.જી.રાઠોડ**
**સામાવાળા તરફે વિધ્વાન વિ.પ્રોસીકયુટરશ્રી એમ.કે.ગોહેલ**

---

## –:: ચુકાદો ::–

(૧) હાલની અરજ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૩ અન્વયે અરજદારે કોડીનાર પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૨૨૬૦૩૧૦/૨૦૨૬ થી પ્રોહી. કલમ–૬૫(ઈ), ૯૮(૨) મુજબના ગુન્હામાં રેગ્યુલર જામીન પર મુકત થવા માટે આપેલ છે.

(૨) આ જામીન અરજીની નોટીસની સામાવાળાને બજવણી કરવામાં આવતા સામાવાળા તરફે વિધ્વાન પ્રોસીકયુટરશ્રી એમ.કે.ગોહેલ હાજર રહેલ છે અને તપાસ કરનાર અધિકારીએ તેમનું સોગંદનામુ આંક–૬ થી રજુ કરેલ છે અને તપાસના કાગળો રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી એચ.જી.રાઠોડે તેમની વિસ્તૃત મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી વિરુધ્ધ કોડીનાર પો.સ્ટે.માં ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૨૨૬૦૩૧૦/૨૦૨૬ થી પ્રોહી. કલમ–૬૫(ઈ), ૯૮(૨) મુજબનો ગુન્હો નોંધાયેલ અને ત્યારબાદ અરજદાર/આરોપીને તા.૦૧/૦૩/૨૦૨૬ ના રોજ અટક કરી મહે. કોડીનારના ઈન્ચાર્જ મુખ્ય સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ. જયુડી. મેજી. સાહેબશ્રી સમક્ષ રજુ કરેલ અને તા.૦૧/૦૩/૨૦૨૬ ના રોજ અરજદાર/આરોપીના દિન–૩ ના રીમાન્ડની અરજી કરતા તે અરજી નામંજુર કરતા અરજદાર/આરોપીએ જામીન ઉપર મુકત થવા નામદાર અદાલતમાં ફો.પ.અ.નં.૩૩/૨૦૨૬ થી તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ જામીન અરજી કરતા સદરહુ જામીન અરજી તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ નામંજુર થયેલ અને ત્યારથી ત્યારથી અરજદાર/આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર/આરોપીએ કોઈ ગુન્હો કરેલ નથી, તેઓ નિર્દોષ છે, પોલીસે ફરિયાદીની ખોટી ફરિયાદ ઉપરથી માત્ર આરોપીઓને હાલના ગુન્હાના કામે જે તે સમયે ખોટી રીતે સંડોવી દીધેલ છે. આ કામે પોલીસે અરજદાર/આરોપી સામે પ્રોહી ગુનાના વ્યકિત તપાસ ફોર્મમાં રજુ કરેલ છે તે જોવામાં આવે તો એક જ ગુનાને એકથી વધારે વખત લખાણ કરીને સંખ્યા વધારવાના ઈરાદે

નામદાર કોર્ટમાં રજુ કરેલા છે જેથી પણ તપાસ એજન્સીની કામગીરી અને કાર્યવાહી શંકાથી પર નથી તેવુ પણ માનવાને કારણ બને છે કારણ કે એક એફ.આઇ.આર. નંબરની ૨ થી ૩ વખત નોંધ કરીને કુલ–૧૭ ગુના હોવાનો ભાષ ઉભો કરેલો છે અને સદર ગુના જોવામાં આવે તો ૧૦ વર્ષ અગાઉના છે. જેથી અરજદાર/આરોપીને સદર કહેવાતા ગુનામાં સંડોવી દેવામાં આવેલ હોય અને બીનવારસી મુદામાલ અરજદાર/આરોપીના નામે ખપાવી દીધેલ છે. સદર બનાવ અને બનાવની આજુબાજુના વિસ્તાર માત્ર ૫૦ થી ૬૦ કીલોમીટરના વિસ્તારમાં આવેલો છે જેથી જુજ સમયમાં તપાસ કરી શકાય તેવુ હોવા છતાં તપાસ એજન્સીએ અરજદાર/આરોપીના દિન–૩ ના રીમાન્ડ માંગેલા હતા પરંતુ નામદાર ટ્રાયલ કોર્ટે તે નામંજુર કરેલ છે. અરજદાર/આરોપીના કુટુંબનો ભરણપોષણનો અાધાર પોતાના ઉપર હોય જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં ન આવે તો તેમના પરીવારને ભુખે મારવાનો વારો આવે તેમ છે. અરજદાર/આરોપી સુત્રાપાડા તાલુકાના રહીશ છે, સ્થાવર જંગમ મિલકત ધરાવે છે, તેઓ કયાય નાસી ભાગી જાય તેમ નથી. નામદાર અદાલત જે શરતો ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરશે અને સુત્રાપાડા તાલુકામાં સ્થાવર તેમજ જંગમ મિલ્કત ધરાવે છે. સદર ગુનાના કામે અરજદાર/ આરોપીને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલની રજુઆત છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ કોડીનાર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૨૨૬૦૩૧૦/૨૦૨૬ થી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨) મુજબના ગુન્હાનું તહોમત છે. અરજદાર/આરોપીએ પોતાના કબજા હવાલાની મારુતી સુઝુકી કંપનીની સફેદ કલરની બોલેરો ફોરવ્હીલ રજી.નં.જીજે–૩૨–એએ–૯૫૬૪ વાળીમાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૭૫૦ એમ.એલ. ની કંપની શીલપેક બોટલ નંગ–૧૨૨ જેની કિ.રૂા.૧,૫૨,૪૦૦/– ના અંગ્રેજી દારૂના જથ્થા સાથે સ્થળ ઉપર પકડાઇ જઇ ગુનો કરેલ છે. હાલના ગુનામાં તપાસ ચાલુ છે અને આ કામના

અરજદાર/આરોપી સીવાયના અન્ય આરોપીને ગુન્હાના કામે અટક કરવાના બાકી છે. અરજદાર/આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરી ગેરકાયદેસરની પ્રવૃતિમાં જોડાશે અને ફરી આવા પ્રકારના પ્રોહી સંબંધીત ગુન્હાઓ આચરશે. અરજદાર/આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવશે તો અન્ય લોકો આવા ગંભીર પ્રકારના ગુનાઓ કરવા પ્રેરાશે અને કાયદો તથા વ્યવસ્થાને ગંભીર અસર પડશે. અરજદાર/આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવશે તો પંચોને સમાધાન કરવા દબાણ કરી યેનકેન પ્રકારે હેરાન કરશે અને પંચ પુરાવાને તોડશે તેવી પુરી દહેશત છે. અરજદાર/આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવશે તો અન્ય વ્યકિતઓ તથા યુવા વર્ગને આવા નશાકારક પ્રોહીના ગુનાઓ કરવા પ્રોત્સાહન મળશે અને પ્રોહીના ગુનાઓનું પ્રમાણ વધવા પામશે. અરજદાર/આરોપી ગુનાઓ કરવાની ટેવવાળો હોય જેથી અરજદાર/આરોપીની જામીન અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૫) બંને પક્ષોને સાંભળ્યા, હાલના કેસની હકીકતો જોતા, એફ.આઇ.આર. અને પોલીસ કાગળો તેમજ તપાસ કરનાર અધિકારીના સોગંદનામાનો અભ્યાસ કર્યો. ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ-૬૫(ઈ), ૯૮(૨) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. તપાસ અધિકારી દ્વારા દાખલ કરાયેલ સોગંદનામાને ધ્યાનમાં લેતા, એવું જણાય છે કે આરોપી પાસેથી રૂા.૧,૫૨,૪૦૦/- ની કિંમતની ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૭૫૦ એમ.એલ. ની કંપની શીલપેક બોટલ નંગ-૧૨૨ મળી આવેલ છે તેમજ સદરહુ પ્રોહી. મુદામાલની હેરાફેરીમાં વપરાયેલ મારુતી સુઝુકી કંપનીની સફેદ કલરની બોલેરો ફોરવ્હીલ રજી.નં.જીજે-૩૨-એએ-૯૫૬૪ કિ.રૂા.૨,૫૦,૦૦૦/- તથા હાલના આરોપી પાસેથી મળી આવેલ મોબાઇલ નંગ-૧ ની કિં.રૂા.૫૦૦૦/- મળી કુલ કિ.રૂા.૪,૦૭,૪૦૦/- ના મુદામાલ સાથે સ્થળ ઉપર મળી આવેલ છે. તપાસ અધિકારીના સોગંદનામામાં એ હકીકત પણ જણાઈ આવે છે કે આ દારૂનો જથ્થો હાલના અરજદાર/આરોપીએ ઉના ખાતેથી ભાવેશભાઇ ચૌહાણ નામના ઈસમ પાસેથી ખરીદ કરેલ હતો. તેથી હાલના અરજદાર/આરોપી સામે પ્રથમદર્શી

કેસ છે. હાલના આરોપી/અરજદાર સામે ચાર્જશીટ દાખલ કરવાનું બાકી છે. અન્ય સહ આરોપીની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી. વધુમાં, આરોપી પાસેથી કબજે કરાયેલ મુદ્દામાલ પણ મોટી માત્રામાં છે અને અન્ય આરોપીની તપાસમાં ધરપકડ અને પૂછપરછ બાકી છે. હાલના આરોપી વિરુધ્ધ અગાઉ પણ પ્રોહી. સંબંધેના ગુનાઓ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છે. તેથી અરજદાર/આરોપી પ્રોહીબીશનને લગતા ગુનાઓ કરવા માટે ટેવાયેલા છે. હાલના કામે તપાસ ચાલુ છે. હાલનો ગુનો સમાજ વિરોધી ગુનો છે. તેને નિયમિત વ્યવસાય તરીકે લઈ શકાય નહીં. કડક, પ્રતિબંધ કાયદા હોવા છતાં, ગુજરાતમાં મોટી માત્રામાં વિદેશી દારૂનું પરિવહન થાય છે, જેમાં વ્યક્તિઓ અને સંગઠનો દારૂની ગેરકાયદેસર દાણચોરીમાં સામેલ છે, જેની યોગ્ય રીતે તપાસ કરવાની જરૂર પડી શકે છે. આરોપીની ભૂમિકા, ગુન્હાની ગંભીરતા અને પુરાવાની વિગતવાર ચર્ચા કર્યા વિના, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ હેઠળ વિવેકાધીન શક્તિનો ઉપયોગ કરવા માટે આ યોગ્ય કેસ નથી.

(૬) આમ, ઉપરોકત ચર્ચાએ અરજદારની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયેની અરજી સદર કેસના ગુણદોષ ધ્યાને લેતા ટકવાપાત્ર જણાતી ન હોય જેથી આ અરજી મંજુર કરી અરજદાર/આરોપીને જામીન આપવા કોઈ ખાસ સંજોગો કે કારણો જણાતા ન હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૩ અન્વયેની હાલના અરજદારની રેગ્યુલર જામીન અરજી **"નામંજુર"** કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૩ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૩/૨૦૨૬.
સ્થળઃ કોડીનાર.

**(અતુલકુમાર આર. પટેલ)**
બીજા એડીશ્નલ ડિસ્ટ્રીકટ અને
સેશન્સ જજ, કોડીનાર.
[કોડ નંબર-જી.જે.૦૦૭૧૦]